**My Campus**

ગત વર્ષે ૨૫.૯ ટકાથી સુધારી ૨૦.૩૬ રેટિંગ સાથે...

# IITGn દેશની પહેલી ઇન્સ્ટિટ્યૂટ કે જેને 5 સ્ટાર GRIHA LD સર્ટિફિકેટ મળ્યું



આઈ.આઈ.ટી. ગાંધીનગર દેશની પહેલી એવી સંસ્થા બની છે જે લાર્જ ડેવલપમેન્ટ કન્સ્ટ્રક્શન કામ કર્યું હોવા છતાં એન્વાયર્મેન્ટને ઓછું નુકસાન થયું હોય, આઈ.આઈ.ટી.ના આવા પગલાંને કારણે તેને ૫ સ્ટાર GRIHA(ગ્રીન રેટિંગ ફોર ઈન્ટિગ્રેટેડ હેબિટાટ એસેસમેન્ટ) રેટિંગ પ્રાપ્ત થયેલ છે. ઈન્સિટ્યૂટે પોતાના માસ્ટર પ્લાન થકી ૫ સ્ટાર રેટિંગ મેળવવમાં સપળતા પ્રાપ્ત કરેલ છે. ગત વર્ષે ૧૦૦માંથી ૨૫.૯ ટકા રેટિંગ રહ્યું હતું જ્યારે આ વર્ષે રેટિંગ ઈમ્પ્રૂવ કરી ૨૦.૩૬ કરતા GRIHA LD પ્રાપ્ત થયેલ છે.આ અંગે આઈ.આઈ.ટી. ગાંધીનગરના ડાયરેક્ટ એસ.કે. જૈને જણાવ્યું હતું કે આ રેટિંગ દેશની પહેલી એવી સંસ્થાને પ્રાપ્ત થયેલ છે કે જેણે એન્વાયર્નમેન્ટને ઓછું નુકસાન પહોંચાડ્યા વગર લાર્જ ડેવલપમેન્ટ કરેલ છે. આ એક યુનિક ઈન્ડિયન નેશનલ રેટિંગ સિસ્ટમ છે જે એન્વાયર્નમેન્ટને બચાવવા કાર્યરત છે. એજ્યુકેશનલ ડેવલપમેન્ટ અને ટાઉનશિપ પર નજર રાખી તેઓને ગ્રીન રેટિંગ આપે છે.

**એન્વાયર્નેમન્ટને નુકસાન પહોંચાડ્યા વગર વિવિધ ક્રાઇટેરિયાને ફોલો કરનારને સર્ટિફિકેટ પ્રાપ્ત થાય છે**

### GRIHA રેટિંગ શું છે?

સેલ્ફ સસ્ટેનેબિલિટી વાળા પ્રોજેક્ટ જેમ કે સિવરેટજ સિસ્ટમ, વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ, સોલર પેનલ્સ, એનર્જી એફિશિયન્સી સહિતના કેટલાક પ્રોજેક્ટ આઇ.આઇ.ટી. ગાંધીનગર ખાતે હાથ ધરાયા હતાં જેને ધ્યાને રાખી તેમજ નેચરલ લાઇટનો વધુમાં વધુ ઉપયોગ થઇ શકે તેવા પ્રોજેક્ટસ અને બિલ્ડિંગ્સને GRIHA રેટિંગ આપે છે. અંતર્ગત વિવિધ ૩૧ ક્રાઇટેરિયા બનાવવામાં આવેલ છે જેમાં બિલ્ટ અપ એરિયા ૨,૫૦૦mર કે ત્યા વધુ હોય તેઓ આ સર્ટિફિકેશન માટે વેલિડ ગણાય છે.એમાં કોઇ પણ ઓફિશિયલ, હોટેલ્સ, હોસ્પિટલસ, રેસિડન્સ અને ઇન્સ્ટિટ્યૂશન્સનો સમાવેશ થાય છે. જેને ફોલો કરનારને ૧થી ૫ રેટિંગ પ્રાપ્ત થવાની સાથે સર્ટિફિકેટ એનાયત કરવામાં આવે છે.

---

**Title** : IITGN is a first institute of country who is received five star GRIHA LD certificate.
**Source :** Sandesh (City Life, Pg. no. 1)
**Link:** http://sandeshepaper.in/edition/52326/ahmedabad/page/19
**Date** : 07.09.2019

---